અનુસૂચિત જાતિના છાત્રો માટેની વ્યાવસાયિક અને તકનીકી અભ્યાસક્રમો (ITI) તથા એક વર્ષના વ્યાવસાયિક અભ્યાસક્રમો માટેની સ્વામી વિવેકાનંદ શિષ્યવૃત્તિ સહાય યોજનાને બંધ કરવા બાબત.

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક : SJED/MIS/e-file/17/2026/1437/G,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ઈ-સાઈન મુજબ

<u>વંચાણમાં લીધા :</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૫/ ૦૫/ ૨૦૧૮નો ઠરાવ ક્રમાંક : અજાક/૧૦૨૦૧૮/૨૦૦૭૨/ન.બા.૪૬/ગ.

(૨) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનો તા.૦૨/૦૫/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક : LED/BAW/e-file/11/2024/2023/R2.

(3) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૫-૦૬-૨૦૨૬નો પત્ર ક્રમાંક : અજાક/ગ-૧/૫/૨૬-૨૭/૧૭૪૭-૭૮.

(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૨-૦૬-૨૦૨૬નો પત્ર ક્રમાંક : અજાક/ગ-૧/૫/૨૬-૨૭/૧૯૭૯.

<u>આમુખ :</u>

અનુસૂચિત જાતિના છાત્રોને આ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમ-૧ મુજબના તા.૦૫/૦૫/૨૦૧૮ના ઠરાવથી, તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમો માટે આઇ.ટી.આઇ.ના અનુ.જાતિના વિદ્યાર્થીઓને ૧ વર્ષના સમયના હોય તેવા માન્ય અભ્યાસક્રમો માટે શિષ્યવૃતિ સહાય, સ્વામી વિવેકાનંદ શિષ્યવૃતિ યોજના હેઠળ ચૂકવવામાં આવે છે.

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના વંચાણે લીધેલ ક્રમ-૨ મુજબના તા.૦૨/૦૫/૨૦૨૫ના ઠરાવથી સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તાલીમ મેળવતાં તાલીમાર્થીઓને માસિક રૂ.૫૦૦/- સ્ટાઇપેન્ડ સહાય આપવાનું ઠરાવેલ છે. જેમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ માટે આવરી લેવાતા હોય, આ વિભાગ હેઠળ અનુસૂચિત જાતિના છાત્રો માટેની સ્વામી વિવેકાનંદ શિષ્યવૃત્તિ યોજનાનો હેતુ બેવડાય છે. જે અન્વયે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ઉપરના વંચાણે લીધેલ ક્રમ-૩ અને ૪ મુજબના પત્રોથી આ વિભાગ હેઠળની વંચાણે લીધેલ ક્રમ-૧ મુજબની યોજનાને બંધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ :</u>

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, આ વિભાગ હેઠળના તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમો માટે, આઇ.ટી.આઇ.ના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ૧ વર્ષના સમયના હોય તેવા માન્ય અભ્યાસક્રમો માટેની શિષ્યવૃતિ સહાય સ્વામી વિવેકાનંદ શિષ્યવૃતિ યોજનાને વર્ષ:૨૦૨૬-૨૭થી આથી બંધ કરવાનું ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા.૯-૧૦-૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-

(હેમંત શ્રીમાળી)

નાયબ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નાણા સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, ગાંધીનગર તરફ - વિભાગની વેબસાઈટમાં ગ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે.
- શાખા પસંદગી ફાઇલ-૨૦૨૬.

*************************************************************

Signature Not Verified

Signed by:H M Shrimal
Deputy Secretary
Date:2026.10.19
14:06:12 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign